**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૮/03/૨૦૧૮ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૬૦૧/૧૮**

**જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :**

**જીઆઇડીસી વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં. ૧૬/૧૮ ધી ઇપીકો કલમ ૨૮૪,૨૮૭,૩૦૪(અ),૩૩૭,૧૧૪ મુજબના ગુનાના કામે આરોપી ને શોધી કાઢી આરોપી ની ધરપકડ કરતી જીઆઈડીસી વટવા પોલીસ**

ગઈ તારીખ ૨૨/૩/૧૮ ના રોજ જી.આઈ.ડી.સી વટવા વિસ્તારમાં આવેલ ધનલક્ષ્મી ઈન્ડ્રીસ્ટ્રીઝ માં આશરે ડોઢેક વાગ્યે કંપનીમાં કામ કરતા કારીગરો કંપનીમાં સોડીયમ બાય સલ્ફાઈડ (એસ.બી.એસ) બનાવવાનુ કામકાજ સેન્ટીફ્યુઝ મશીનમાં ભીની ડાય માંથી પાણી કાઢવાનુ કામ કરતા હતા તે દરમ્યાન અચાનક સદર સેન્ટીફ્યુઝ મશીનમાં ધડાકો (બ્લાસ્ટ) થયેલ જેથી એક મજુર ધડાકા સાથે ફંગોળાઈ ગયેલો અને તેના શરીરના કુરચા તેમજ ટુકડા થઈ દાઝી જતાં સ્થળ ઉપર જ મરણ ગયેલ અને બીજા ત્રણેક મજુરો ને શરીરે ઈજાઓ થયેલ જે ગુનાના કામે આરોપીઓ (૧)ગૌતમકુમાર માણેકલાલ પટેલ રહે-૧૧,ભુલેશ્વર સોસાયટી,ધરડાધરની સામે ,મણીનગર પુર્વ,અમદાવાદ શહેર તથા (૨) હીરેન ચંન્દ્રકાંતભાઈ પટેલ રહે-સી/૧૯ વિજયપાર્ક સો.સા સેવનડે સ્કુલની પાછળ મણીનગર અમદાવાદ નાઓને આજરોજ તારીખ ૨૮/૩/૧૮ ના કલાક ૧૦/૦૦ વાગે ગુનાના કામે ધરપકડ કરવામાં આવેલ છે.

**<u>રામોલ પોલીસ સ્ટેશન :</u>**

# મોબાઇલ સ્નેચીગ કરતા ઇસમોને મોફોન સાથે પકડીને મોફોન લુંટના ગુનાનો ભેદ ઉકેલતી રામોલ પોલીસ

ઉપરી અધિકારીશ્રી નાઓ તરફથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં દૈનિક છાપાઓમાં છપાયેલ મોફોન સ્નેચીગના સમાચાર બાબતે મોબાઇલ ફોન સ્નેચીગના ગુનાઓ ન બને તે માટે તેમજ મોફોન સ્નીચરોનેપકડવા માટે સુચના કરેલ હોય જે આધારે અમોએ સર્વેલંસ સ્કોડના માણસોને સુચના આપેલ જેથી સર્વેસ્કોડના હેકો અનિલભાઇ દેવજીભાઇ બનં ૩૦૭૦ તથા સાથેના સ્ટાફના માણસો તા.૨૦/૦૩/૧૮ના રોજ પેટ્રોલીગમાં હતા અને કલાક ૧૪/૪૫ વાગે અદાણી સર્કલ પાસે આવતા સાથેના પો.કો ભરતભાઈ ભલાભાઈ બ.નં. ૬૨૮૨ તથા પો.કો શૈલેષભાઈ પોપટભાઈ બ.નં. ૧૫૩૩ નાઓએ અમોને સંયુકત બાતમી હકીકત આપેલ કે એક હીરો સ્પેલન્ડર મો.સા નં **GJ-27-BP-3775** લઇ ને બે ઈસમો પોતાની પાસે ચોરી અગર છળકપટ થી મેળવેલ મોબાઈલ ફોન લઇ નિકળનાર છે જેઓને બે પંચો સાથે રોકીને તપાસ કરતા આરોપીઓ <u>(૧) મુકેશ પોપટભાઇ પરમાર ઉવ ૨૨ રહે ગામ ચોસમીયાના છાપરા સીગરવા ગામ પાસે તાલુકો દશક્રોઇ જીલ્લો અમદાવાદ (૨) દ્શરથ ઉદેસિહ સોલંકી ઉવ ૧૯ રહે સિગરવા ગતરાડ રોડ પર ગૌચરમાં તા. દશકોઇ જીલ્લો અમદાવાદ</u> તેઓની પાસેથી ચાર મોફોન મળી આવેલ મોબાઈલો ના માલીકીના પુરાવાઓ બીલ લખાણ ચિઠ્ઠી રજુ કરવા કહેતા બન્ને એ પોતાની પાસે નહી હોવાનુ જણાવતા સીઆરપીસી કલમ ૪૧(૧) ડી મુજબ કબજે કરેલ અને તપાસ હાથ ધરેલ અને આરોપીઓને જામીન મુક્ત કરેલ અને તપાસ દરમ્યાન આ ગુનાના કામે ફરિયાદીએ ફરિયાદ લખાવેલ જેમાં મોસા નંબર જણાવેલ હોય જેઓને પોલીસ સ્ટેશન ખાતે બોલાવીને મોસા બતાવેલ તેમજ આરોપીઓના ફોટાઓ બતાવતા તેઓએ મોસા અને આરોપીઓને ઓળખી બતાવેલ જેથી આરોપીઓને આ ગુનાના કામે લુંટ કરેલ મોફોન બાબતે ઉડાણથી અને વિશ્વાસમાં લઇ પુછ્પરછ કરતા તેઓએ ગુનો કરેલ હોવાનુ અને મોફોન તેઓના ઘરે મુકેલ હોવાનુ જણાવતા ફરિયાદી તેમજ સાહેદનાની મત્તાના રીકવર કરીને રામોલ ફસ્ટ ગુરનં ૪૯/૧૮ ધી ઇપીકો ક્લમ ૩૯૨.૧૧૪ મુજબના કામે આરોપીઓને તા.૨૭/3/૨૦૧૮ ના <u>એમ આઇ કંપનીના બે મોફોન કિરૂ ૧૩૦૦૦/૦૦</u> કલાક ૨૧/૩૦ વાગે પ્રો પોસઇ એ.ઓ. ભરવાડ સા નાઓ અટક કરી આગળની વધુ તપાસ હાથ ધરેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

"બી" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "બી" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.